<u>નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ</u>–

**<u>આંક</u>–૩૬**

**<u>ફોર્મ–'એ'</u>**

**અમદાવાદ શહેરનાં મે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, <u>સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ નં.૫, અમદાવાદ શહેર સમક્ષ.</u>**

**એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ જજ.**

**[ચુકાદાની તારીખઃ૦૫/૦૯/૨૦૨૨]**

**[ <u>સેશન્સ કેસ નં.૧૭૫/૨૦૧૪</u>]**

**(<u>એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>)**

નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૩૮૫/૨૦૧૨

ગુનોઃ– **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ.**

પોલીસ સ્ટેશનઃ– નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ વિનોદભાઈ લક્ષ્મણભાઈ સાધુ) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એ. એ. ત્રિવેદી |
| આરોપી | સોમનાથ ઉર્ફે મેલુ ગોરખનાથ પાંડે |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી એ. આર. પાસી |

**ફોર્મ–'બી'**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૧–૭–૨૦૧૨ ના કલાક ૭:૦૦ વાગ્યા પહેલાં. |
| ફરિયાદની તારીખ | તા.૧–૭–૨૦૧૨ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૦–૮–૨૦૧૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૧૦–૧–૨૦૨૦ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૨૫–૭–૨૦૨૨ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૫–૯–૨૦૨૨ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | તા.૫–૯–૨૦૨૨ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

**<u>આરોપીઓની વિગતઃ</u>**–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર | શું સજા કરી | સીઆર.પી.સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોમનાથ ઉર્ફે મેલુ ગોરખનાથ પાંડે | ૧૦/૦૭/૨૦૧૨ | ૩૧/૦૭/૨૦૧૨ | ઈ.પી.કો.ક. ૩૬૩,૩૬૬,૩૭૬ | નિર્દોષ | –– | –– |

## <u>ફોર્મ–'સી'</u>
## <u>ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં શાહેદોનું લીસ્ટ.</u>

**<u>એ. ફરિયાદ પક્ષ તરફેઃ</u>**–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/પુરાવો |
|---|---|---|
| ૧ | ડૉ. પૂર્વી શીતલગીરી ગોસ્વામી (આંક–૧૪) | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર ડૉક્ટર |
| ૨ | ડૉ. ભાર્ગવ બેચરભાઈ ઝવેરી (આંક–૧૬) | આરોપીની મેડિકલ તપાસણી કરનાર ડૉક્ટર |
| ૩ | વિનોદભાઈ લક્ષ્મણભાઈ સાધુ (આંક–૧૮) | ફરિયાદી |
| ૪ | ભોગ બનનાર (આંક–૨૧) | ભોગ બનનાર |
| ૫ | પાર્વતીબેન વિનોદકુમાર સાધુ (આંક–૨૨) | ભોગ બનનારનાં માતા |
| ૬ | અંબિકાબેન રામજીભાઈ વાઘેલા(આંક–૨૮) | ફરિયાદ નોંધનાર પોલીસ શાહેદ |
| ૭ | સ્મિતેશ ઘનશ્યામભાઈ સોલંકી (આંક–૩૦) | તપાસ કરનાર અમલદાર |

**<u>બી. બચાવ પક્ષનાં શાહેદો, જો કોઈ હોય તોઃ</u>**–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

## સી. કોર્ટનાં શાહેદો, જો કોઈ હોય તોઃ-

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તરફેઃ-

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૫ | ભોગ બનનારનું સારવાર સર્ટિફિકેટ. |
| ૨ | ૧૭ | આરોપીની મેડિકલ તપાસ કરવા માટેની સિવિલ હોસ્પિટલને નરોડા પોલીસ સ્ટેશને લખેલ યાદી. |
| ૩ | ૧૭.એ | આરોપીનાં સારવાર સર્ટિફિકેટની સ્થળપ્રત. |
| ૪ | ૧૯ | અસલ ફરિયાદ. |
| ૫ | ૨૦ | ભોગ બનનારનાં જન્મ પ્રમાણપત્રની નકલ. |
| ૬ | ૨૩ | ભોગ બનનારનાં કપડાં કબજે કર્યાનું પંચનામું. |
| ૭ | ૨૪ | આરોપીનાં કપડાં કબજે કર્યાનું પંચનામું. |
| ૮ | ૨૫ | ભોગ બનનારનાં મેડિકલ સારવાર દરમ્યાન નમૂના કબજે કર્યાનું પંચનામું. |
| ૯ | ૨૬ | આરોપીનાં મેડિકલ સારવાર દરમ્યાન નમૂના કબજે કર્યાનું પંચનામું. |
| ૧૦ | ૨૯ | ચાર્જ અમલદારનો રિપોર્ટ. |
| ૧૧ | ૩૧ | મુદ્દામાલ રવાનગી નોંધ, સત્તા અંગેના પ્રમાણપત્ર સાથેની. |
| ૧૨ | ૩૨ | એફ.એસ.એલ.ની પહોંચ. |
| ૧૩ | ૩૩ | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પૃથક્કરણ અહેવાલ, ફોરવર્ડીંગ લેટર સાથેનો. |
| ૧૪ | ૩૪ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો અહેવાલ. |

## <u>બી. બચાવ પક્ષ તરફેઃ</u>–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## <u>સી. કોર્ટનાં આંકોઃ</u>–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## <u>ડી. મુદ્દામાલઃ</u>–

| અનુક્રમ નંબર | મુદ્દામાલ નંબર | વર્ણન |
|---|---|---|
| | **મુદ્દામાલ પાવતી નં.૨૬૯/૧૨** | |
| ૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ | એક મરૂન કલરનું ટોપ. |
| ૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ | એક આસમાની કલરનો પાયજામો. |
| ૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૩ | એક આસમાની કલરનો દુપટ્ટો. |
| ૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ | એક કાળા કલરનો જાંગીયો. |
| | **મુદ્દામાલ પાવતી નં.૨૭૦/૧૨** | |
| ૫ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ | એક આછા ભખરા રંગનું જીન્સનું પેન્ટ. |
| ૬ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ | એક બીસ્કીટ કલરની અડધીબાંયની ટીશર્ટ |
| | **મુદ્દામાલ પાવતી નં.૨૭૨/૧૨** | |
| ૭ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ | એક કાચની શીશી, જેમાં ભોગ બનનારનું સલાઈવા છે. |
| ૮ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ | એક કાચની શીશી, જેમાં ભોગ બનનારનું બ્લડ છે. |
| ૯ | મુદ્દામાલ આર્ટીકલ નં.૩ | એક કાચની શીશી, જેમાં ભોગ બનનારનાં પ્યુબીક હેર છે. |
| ૧૦ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ | એક સીલબંધ કવર. |
| | **મુદ્દામાલ પાવતી નં.૨૭૪/૧૨** | |
| ૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ | એક કાચની શીશી, જેમાં આરોપીનું |

| | | |
|---|---|---|
| | | સલાઈવા છે. |
| ૧૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ | એક કાચની શીશી, જેમાં આરોપીનું બ્લડ છે. |
| ૧૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૩ | એક કાચની શીશી, જેમાં આરોપીનું સીમેન છે. |
| ૧૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ | એક કાચની શીશી, જેમાં આરોપીનાં પ્યુબીક હેર છે. |
| ૧૫ | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ | એક કાચની શીશી, જેમાં આરોપીનું ગ્લાન્શ વોશ છે. |

## **-: ચુકાદો :-**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી વિનોદભાઈ લક્ષ્મણભાઈ સાધૂ-નાઓએ તા.૦૧/૦૭/૨૦૧૨ ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર, નરોડા પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર-નાઓ રૂબરૂ હાલના ગુના અંગેની ફરિયાદ નોંધાવેલી, જે અસલ ફરિયાદ આ કામે આંક-૧૯ થી રજૂ થયેલ છે, જે ફરિયાદની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે,

".....આજરોજ સવારનાં હું તથા મારી પત્નિ સાતેક વાગ્યાનાં સુમારે ઉઠેલાં અને ધાબા ઉપરથી નીચે ઘરમાં આવેલ ત્યારે મારી દિકરી ટ્વિંકલ અને મારા સાળાની દિકરી જીગીશા પૂજા કરી મંદીરેથી પાછી ઘરે આવેલ ત્યારે તેને મારી મોટી દીકરી (નામની જગ્યાએ 'ભોગ બનનાર' શબ્દ વાપરેલ છે) ભોગબનનાર બાબતે પૂછતાં જણાવેલ કે તે પૂજા કરવા ગઈ ત્યારે ભોગબનનાર ઘરે હતી જેથી અમે અમારા ઘરમાં તથા આસપાસ તપાસ કરેલ પરંતુ મારી ભોગબનનાર દિકરી બાબતે કોઈ હકીકત મળેલ નહી. જેથી હું ભોગબનનાર અગાઉ ફદેલીમાં કામે જતી હતી ત્યાં તપાસ કરવા ગયેલ ત્યારે જાણવા મળેલ કે ફદેલીમાં ભોગબનનાર જે કારખાનામાં કામ કરતી હતી તે જગ્યાએ ઉપરના માળે

રહેતો સોમનાથ પાન્ડે નામનો છોકરો ભોગબનનાર સાથે અવારનવાર વાતચીત કરતો હતો તેવુ જાણવા મળેલ જેથી હું, ભોગબનનાર ફદેલીમાં શક્તિ ચોક ખાતે કામે જતી હતી ત્યાં નારાયણ હાઉસ, મ.નં.૭ ખાતે ગયેલ. અને ત્યાં ઉપરનાં માળે જઇ તપાસ કરતાં આ સોમનાથ પાન્ડેની બહેન નિલમબેન હાજર હતાં જેમને પુછતાં જાણવા મળેલ કે ગઇકાલ રાત્રિથી સોમનાથ ઘરે આવેલ ન હતો. જેથી તેની પણ તપાસ કરતાં તે મળી આવેલ નહીં. જેથી આ સોમનાથ પાન્ડે મારી દિકરી ભોગબનનાર, ઉ.વ.૧૭ ની ને લગ્ન કરવાની કે બીજી કોઇ લાલચ આપી સંભોગ કરવાનાં કે બીજા કોઇ ઈરાદે અમારા કાયદેસરનાં વાલીપણાંમાંથી લઇ ગયેલાંની ખાત્રી થતાં હું મારી પત્નિ સાથે અત્રે આ સોમનાથ પાન્ડે વિરૂદ્ધ ફરીયાદ કરવા આવેલ છું. જેથી ઉપરોક્ત સોમનાથ પાન્ડે જેનું આખુ નામ મને ખબર નથી તે રહેવાસી મ.નં.૭, નારાયણ હાઉસ, શક્તિ ચોક, ફદેલી, સૈજપુર બોઘા અમદાવાદનો આજરોજ તા.૦૧/૭/૧૨ નાં ક.૭/૦૦ પહેલાં કોઈપણ સમયે મારા ઘરેથી મારી દિકરી ભોગ બનનાર ઉવ.૧૭ નીને લગ્ન કરવાની કે બીજી કોઈ લાલચ આપી તેને લલચાવી ફોસલાવી તેની સાથે જારકર્મ કરવાનાં ઈરાદે લઈ ગયેલ હોય તેનાં વિરૂદ્ધ કાયદેસર તપાસ થવા ફરીયાદ છે. ....."

(૨) ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદને આધારે હાલના આરોપી વિરૂદ્ધ નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૩૮૫/૧૨ થી તા.૧–૭–૨૦૧૨ ના રોજ ઈ. પી. કો. કલમ–૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલ. તપાસ દરમ્યાન આરોપી વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૭૬ મુજબનો કલમ ઉમેરાનો રિપોર્ટ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસનાં

અંતે હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા પૂરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનું ચાર્જશીટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૮, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૦–૮–૨૦૧૨ ના રોજ દાખલ કરેલ, જે ચાર્જશીટને રજીસ્ટરે લઈ, તા.૧૭–૮–૨૦૧૨ ના રોજ ક્રિમીનલ કેસ નં.૧૦૧૫/૨૦૧૨ આપવામાં આવેલ. ત્યારબાદ ક્રિમીનલ કેસ નં.૧૦૧૫/૨૦૧૨ ના કામે વિદ્વાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૮, અમદાવાદ–નાઓએ હાલના આરોપીને તેમની રૂબરૂ હાજર કરી, આરોપીની આંક–૪ થી પ્લી લઈ, આરોપીને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો મળ્યાની ખરાઈ કરી, સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને તેઓને આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, વિદ્વાન એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૮, અમદાવાદ–નાઓએ તા.૨૦–૯–૨૦૧૩ ના રોજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે હાલનો કેસ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરતો હુકમ કરેલ. ત્યારબાદ વિદ્વાન એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૮, અમદાવાદ–નાઓએ તેમના જાવક નંબર ૧૯૭/૨૦૧૪, તા.૨૧–૨–૨૦૧૪ વાળા ફોરવર્ડીંગ લેટરથી ક્રિમીનલ કેસ નં.૧૦૧૫/૨૦૧૨ નું અસલ રેકર્ડ વધુ ઈન્સાફી કાર્યવાહી સારુ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને મોકલી આપેલ, જે આધારે અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ–માં સદર કેસને **સેશન્સ કેસ નં.૧૭૫/૨૦૧૪** આપી, તા.૬–૫–૨૦૧૪ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો કેસ સેશન્સ કમીટ થઈ સૌપ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેના વિદ્ધાન જજશ્રી, સિટી સેશન્સ કોર્ટ નં.૩૪, અમદાવાદ શહેર–નાઓને ટ્રાન્સફર થતાં, વિદ્ધાન જજશ્રીએ હાલના આરોપીને કોર્ટ રૂબરૂ હાજર કરાવી, આરોપી વિરૂદ્ધ આંક–૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ સબબનું તહોમતનામું ફરમાવી, આરોપીને સદર તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી, તે અંગે આરોપીનો આંક–૬ થી જવાબ નોંધતા, આરોપીએ તેમની સામેના તહોમતોનો ઈન્કાર કરતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે હાલના આરોપી વિરૂદ્ધ આંક–૫ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામામાં આ કામના આરોપી વિરૂદ્ધ એવું તહોમત મૂકવામાં આવેલ છે કેઃ–

" ...આ કામનાં ફરિયાદી તેઓની ભોગબનનાર દીકરી તથા પરિવારનાં સભ્યો સાથે મકાન નં.૪૦૩૫, કુબેરદાસની જુની ચાલી, ખોડીયાર માતાનાં મંદીર પાછળ, સૈજપુર ટાવર પાસે, સૈજપુર–બોઘા, અમદાવાદ ખાતે રહે છે. ફરિયાદીની ભોગબનનાર દીકરી વેકેશનનાં સમયમાં ફદેલી, શક્તિચોક ખાતે કારખાનામાં નોકરી કરવા જતી હતી તે દરમ્યાન તમો આરોપીનાં પરિચયમાં આવેલી. આ ઓળખાણનો ગેરલાભ લઈ તમો આરોપીએ તા.૧–૭–૨૦૧૨ નાં રોજ ફરિયાદીનાં ઉપરોક્ત રહેઠાણ વાળા ઘરેથી ફરિયાદીની ભોગબનનાર દીકરીને લલચાવી–ફોસલાવી, તેણીની સાથે લગ્ન તથા જારકર્મ કરવાનાં ઈરાદે તેણીનું

ફરિયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, તેણીને તમો આરોપીનાં મૂળ વતન ખાતે લઈ જઈ, તેણીની સાથે બળાત્કારે સંભોગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે..."

(૫) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ '**ફોર્મ-સી**'નાં ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાનાં વર્ણનનું પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી અત્રે પુરાવાનું વર્ણન ફરીથી કરવામાં આવતું નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૬) આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીને બચાવ અંગે વાજબી તક મળી રહે તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષનાં પુરાવાનો ઈન્કાર કરી, તેઓને જાતે જુબાની આપવી નથી અને બચાવનાં શાહેદો તપાસવા નથી તેવું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે.

(૭) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એ. એ. ત્રિવેદીની મૌખિક દલીલો સાંભળેલ છે. જ્યારે આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એ. આર. પાસીની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૮) બંને પક્ષની દલીલો, તેમજ રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આ કામનાં ફરિયાદીની ભોગબનનાર દીકરી, ઉ.વ.૧૭ નીને તા.૧–૭–૨૦૧૨ નાં રોજ ફરિયાદીનાં ફરિયાદમાં જણાવેલ રહેઠાણવાળા ઘરેથી લલચાવી, ફોસલાવી, ભોગબનનાર સાથે લગ્ન તથા જારકર્મ કરવાનાં ઈરાદે ભોગબનનારનું ફરિયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, આરોપીનાં મૂળ વતન ખાતે લઈ જઈ, આરોપીએ ભોગબનનારની સાથે બળાત્કારે સંભોગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

૨. શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણયો**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓનાં નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ–

## –: કારણો :–

**મુદ્દા નં.૧:**–

(૧૧) વિદ્વાન એ.પી.પી.શ્રી એ. એ. ત્રિવેદી–નાઓએ તેમની મૌખિક દલીલમાં ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના આરોપીએ આ કામનાં ફરિયાદીની ભોગબનનાર દીકરી, ઉ.વ.૧૭ નીને તા.૧–૭–૨૦૧૨ નાં રોજ ફરિયાદીનાં રહેઠાણવાળા ઘરેથી લલચાવી, ફોસલાવી, ભોગબનનાર સાથે લગ્ન તથા જારકર્મ કરવાનાં ઈરાદે તેણીનું ફરિયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી

અપહરણ કરી, આરોપીનાં મૂળ વતન ખાતે લઈ જઈ, આરોપીએ ભોગબનનારની સાથે બળાત્કારે સંભોગ કરેલાનું ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરેલ છે, તેથી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાં દોષિત ઠરાવી, મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૧૨) આરોપીનાં વિદ્વાન વકીલ શ્રી એ. આર. પાસીએ મૌખિક દલીલોમાં ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરિયાદી, ભોગ બનનાર તથા ભોગ બનનારનાં માતાએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક સરતપાસ આપેલ નથી, જેથી સદર ત્રણે શાહેદોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા શાહેદો તરીકે જાહેર કરેલ હોઈ, સદર ફરિયાદી, ભોગ બનનાર તથા ભોગ બનનારનાં માતાની જુબાની ફરિયાદ પક્ષને મદદરૂપ બનતી નથી. ખુદ ભોગ બનનારે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, તેણીને કોઈ ભગાડીને લઈ ગયું હોય કે તેણીની સાથે કોઈ દુષ્કૃત્ય કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. તે સંજોગોમાં ખુદ ભોગ બનનારે જ તેમની સરપાસમાં કોઈ ભગાડીને લઈ ગયેલાનો તથા તેણીની સાથે કોઈ દુષ્કૃત્ય કરવામાં આવેલાનો ઈન્કાર કરેલ હોઈ, આરોપીને સજા કરી શકાય તેમ નથી. તે સંજોગોમાં જ્યારે ફરિયાદી અને ભોગ બનનાર જ ફરી ગયેલા હોય ત્યારે માત્ર પોલીસ શાહેદોના પુરાવાઓ ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહીં. તેથી ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૧૩) આ કામના આરોપી વિરૂદ્ધ આંક –૫ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે માંહેના તહોમતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષ તરફે આંક–૨૧ થી શાહેદ નં.૪ તરીકે **ભોગ બનનાર**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેણીએ તેની સોગંદ ઉપરની જુબાનીની **સરતપાસ**માં એવું જણાવેલું છે કે, ".....હું ઘરનું કામકાજ કરતી ન હોય તે બાબતે મારા માતાપિતા મને અવારનવાર ઠપકો આપતાં હોવાથી હું તેઓને જાણ કર્યા વિના અમારા સગાંને ત્યાં રીસાઇને ચાલી ગયેલ અને મને પાછળથી પસ્તાવો થતા હું મારા ઘરે પરત આવી ગયેલ જે હકીકત મેં મારા માતાપિતાને મારા પરત આવ્યા બાદ જણાવેલ પરંતુ મારા ચાલી જવાથી મારા પિતાએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. આ સિવાય **મને કોઇ ભગાડીને લઇ ગયું હોય કે મારી સાથે કોઇ દુષ્કૃત્ય કરવામાં આવેલ હોય તેવું બનેલ નહીં.** આ કામના આરોપીને હું અગાઉ ક્યારેય મળેલ નહીં હોવાથી તેને ઓળખી શકું નહીં. આજરોજ ના.કોર્ટમાં જે આરોપી સોમનાથ પાંડે હાજર છે જેને મેં ક્યારેય જોયેલ નથી. ....પોલીસે ત્યારબાદ મારી પૂછપરછ કરેલ પરંતુ મારું નિવેદન લીધેલ કે કેમ તે મને યાદ નથી. મારી પૂછપરછમાં મેં મારા રીસાઇને ચાલ્યા જવાની હકીકત જણાવેલી. મેં નિવેદન વાંચેલ નહીં. ....મારી તબીબી તપાસ ત્યારબાદ કરવામાં આવેલ પરંતુ ડૉક્ટરને મેં કોઇ હકીકત જણાવેલ નહીં. મારા કપડાં પોલીસ રૂબરૂ જમા લીધેલ કે કેમ તે અંગે હું કહી શકું નહીં. મને મુદ્દામાલ કપડાં બતાવવામાં આવે તો તે મારા ન હોવાથી ઓળખી ન શકું."

આમ, ભોગ બનનારે તેમની સરતપાસમાં ઉપરોક્ત મુજબની હકીકતો જણાવતા, તેણી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ, તેણીને **ફરી ગયેલા શાહેદ** તરીકે જાહેર કરી, વિદ્ધાન એ.પી.પી.શ્રીને તેણીની ઊલટતપાસ કરવાની પરવાનગી આપતા, વિદ્ધાન એ.પી.પી.શ્રી તરફેની ઊલટતપાસમાં પણ આ ભોગ બનનારે ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો જણાવેલી નથી.

જ્યારે આ ભોગ બનનારે આરોપી તરફેની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે," એ વાત ખરી છે કે, આજરોજ જુબાની કોઇ પણ જાતની ધાક–ધમકી, લોભ કે પ્રલોભન વગર આપું છું."

આમ, ભોગ બનનારની જુબાનીની ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતાં, ભોગ બનનારે તેમની સરતપાસમાં તેણી ઘરનું કામકાજ કરતી ન હોય તે બાબતે તેણીના માતા–પિતા તેણીને અવારનવાર ઠપકો આપતાં હોવાથી તેણી તેના માતા–પિતાને જાણ કર્યા વિના તેણીના સગાંને ત્યાં રીસાઇને ચાલી ગયેલ અને તેણીને પાછળથી પસ્તાવો થતાં તેણી તેણીના ઘરે પરત આવી ગયેલ, જે હકીકત તેણીએ તેના માતાપિતાને તેણીના પરત આવ્યા બાદ જણાવેલ, પરંતુ તેણીના ચાલ્યા જવાથી તેણીના પિતાએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. આ સિવાય **તેણીને કોઇ ભગાડીને લઇ ગયું હોય કે તેણીની સાથે કોઇ દુષ્કૃત્ય કરવામાં આવેલ હોય તેવું બનેલ નહીં હોવાનું જણાવેલ છે.** આ કામના આરોપીને તેણી અગાઉ ક્યારેય મળેલ નહીં હોવાથી તેને ઓળખી શકે નહીં તેવું જણાવી, નામદાર કોર્ટમાં હાજર આરોપી સોમનાથ પાંડેને તેણીએ ક્યારેય જોયેલ ન હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં આ કામના આરોપી ભોગ બનનારને લલચાવી,

ફોસલાવી, જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયાં હોય કે ભોગ બનનાર સાથે બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું કશું જ આ ભોગ બનનારની જુબાનીમાંથી મળી આવતું ન હોય, આ ભોગ બનનારની જુબાની ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય તેમ નથી.

(૧૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૮ થી શાહેદ નં.૩ તરીકે ફરિયાદી વિનોદભાઈ લક્ષ્મણભાઈ સાધુને સોગંદ ઉપર તપાસેલા છે. ફરિયાદી તે ભોગ બનનારનાં પિતાજી છે. તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઈ જુબાની આપેલી નથી. ફરિયાદીએ તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, " .....મારી ભોગબનનાર દિકરી ઘરનું કામકાજ કરતી ન હોય તેને અવારનવાર ઠપકો આપતાં હોવાથી તેણી અમોને જાણ કર્યા વિના અમારા સગાંને ત્યાં રીસાઇને ચાલી ગયેલ જે અમોને તેણીએ મળી આવ્યા બાદ જણાવેલ પરંતુ તેના ચાલી જવાથી મેં નરોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી." વધુમાં જણાવેલ છે કે, ".....**મારી દિકરી સાથે કોઇ દુષ્કૃત્યનો બનાવ બનેલ હોય કે કોઈ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. મારી દિકરી સાથે કોઈ અણબનાવ બનેલ નથી. આ કામના આરોપીને હું ઓળખતો નથી.** મને આરોપીને ઓળખવાનું કહેતા આજરોજ ના.કોર્ટમાં હું આરોપીને ઓળખી શકું નહીં. અગાઉ ક્યારેય આરોપીને મળેલ ન હોય કે ઓળખતો ન હોય આરોપી બાબતે જણાવી શકું નહીં."

આમ, આ ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ, તેને **ફરી ગયેલા શાહેદ** તરીકે જાહેર કરી, વિદ્વાન એ.પી.પી.શ્રીને તેઓની ઊલટતપાસ કરવાની પરવાનગી આપતા, વિદ્વાન એ.પી.પી.શ્રી તરફેની

ઊલટતપાસમાં પણ ફરિયાદીએ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો જણાવેલી નથી. ફરિયાદીએ તેમની સરતપાસમાં જ એવું જણાવેલ છે કે, તેમની દીકરી સાથે કોઇ દુષ્કૃત્યનો બનાવ બનેલ હોય કે કોઇ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. તેમની દિકરી સાથે કોઇ અણબનાવ બનેલ નથી. આ કામના આરોપીને તેઓ ઓળખતા નથી. આમ, ભોગ બનનાર સાથે કોઈ દુષ્કૃત્યનો બનાલ બનેલ હોય કે કોઈ ભગાડી ગયેલ હોય તે બાબતનો ખુદ ફરિયાદીએ સરતપાસમાં જ સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. તે સંજોગોમાં ફરિયાદીની સરતપાસની હકીકતો લક્ષમાં લેતાં, તથા ફરિયાદી ફરી ગયેલા છે તે હકીકત લક્ષમાં લેતાં, આંક–૧૯ વાળી ફરિયાદ હકીકતને આ ફરિયાદીની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું નથી. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ આ ફરિયાદીની જુબાનીથી આંક–૧૯ વાળી ફરિયાદની હકીકત નિઃશંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે. તે સંજોગોમાં આ ફરિયાદીની જુબાની ઉપર આધાર રાખીને પણ આરોપીને સજા કરી શકાય તેમ નથી.

(૧૫) આ કામે આંક–૨૨ થી શાહેદ નં.૫ તરીકે તપાસેલ ભોગ બનનારના માતા પાર્વતીબેન વિનોદકુમાર સાધુએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થનકારક જુબાની આપેલી નથી. તેણીને પણ ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા શાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને તેણીની વિદ્વાન એ.પી.પી.શ્રીએ ઊલટતપાસ કરવા છતાં પણ ઊલટતપાસમાંથી કોઈ ફળદાયી હકીકતો મળી આવેલી નથી. તેણીએ સરતપાસમાં એવું જણાવેલ છે કે, ".....મારી ભોગબનનાર દિકરી ઘરનું કામકાજ કરતી ન હોય તેને અવારનવાર

ઠપકો આપતાં હોવાથી તેણી અમોને જાણ કર્યા વિના અમારા સગાંને ત્યાં રીસાઈને ચાલી ગયેલ જે અમોને તેણીએ મળી આવ્યા બાદ જણાવેલ પરંતુ તેના ચાલી જવાથી મારા પતિએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી." વધુમાં એવું જણાવેલ છે કે,".....**મારી દિકરી સાથે કોઈ દુષ્કૃત્યનો બનાવ બનેલ હોય કે કોઈ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. મારી દિકરી સાથે કોઈ અણબનાવ બનેલ નથી. આ કામના આરોપી સોમનાથ પાંડેને હું ઓળખતી નથી.** મને આરોપીને ઓળખવાનું કહેતા આજરોજ ના.કોર્ટમાં હું આરોપીને ઓળખી શકું નહીં. અગાઉ ક્યારેય આરોપીને મળેલ ન હોય કે ઓળખતી ન હોય આરોપી બાબતે જણાવી શકું નહીં." જ્યારે આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જુબાની કોઈપણ જાતની ધાક-ધમકી, લોભ કે પ્રલોભન વગર આપે છે. આમ, આ ભોગ બનનારનાં માતાની જુબાનીની સરતપાસની હકીકતો લક્ષમાં લેતાં, તેણીની દિકરી સાથે કોઈ દુષ્કૃત્યનો બનાવ બનેલ હોય કે કોઈ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. તેણીની દિકરી સાથે કોઈ અણબનાવ બનેલ નથી. આ કામના આરોપી સોમનાથ પાંડેને તેણી ઓળખતી નથી. આમ, આ શાહેદની જુબાની લક્ષમાં લેતાં આ કામના ભોગ બનનારને હાલના આરોપી અપહરણ કરીને ભગાડીને લઈ ગયાં હોય કે ભોગ બનનારની મરજી વિરૂદ્ધ આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર મળી આવતું નથી. તે સંજોગોમાં આ શાહેદની જુબાની પણ ફરિયાદ પક્ષને મદદરૂપ બનતી ન હોય, આ શાહેદની જુબાની ઉપર આધાર રાખીને પણ આરોપીને સજા કરી શકાય તેમ નથી.

(૧૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૪ થી શાહેદ નં.૧ તરીકે ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર ડૉકટર – ડૉ. પૂર્વી શીતલગીરી ગોસ્વામીને સોગંદ ઉપર તપાસેલા છે. તેણીએ તેણીની સરતપાસમાં એવું જણાવેલ છે કે, "તા.૧૦/૦૭/૨૦૧૨ ના મેડીકલ ઓફીસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે હું મારી ફરજ પર હાજર હતી ત્યારે બપોરના ૩:૩૮ મિનિટના સુમારે નરોડા પોલીસ સ્ટેશનની યાદી સાથે ડબલ્યુ.એ.એસ.આઇ. બક્કલ નં.૫૪૭૩ મારી સમક્ષ ભોગબનનારને મેડીકલ તપાસણી અર્થે લાવેલા . ભોગબનનાર સંપૂર્ણ ભાનમાં હતા અને સામાન્ય બાંધાના હતા. તપાસ અંગેની સમંતિ ઓ.પી.ડી. કેસ પેપર ઉપર આપેલી. તેમના અંગૂઠાનું નિશાન ઓ.પી.ડી. કેસ પેપર ઉપર લીધેલ. ...” વધુમાં જણાવેલ છે કે, "...તેણીએ કપડાં બદલાવેલા હતા. છેલ્લું સ્નાન રવિવારે લીધેલું હતું. છેલ્લો ઝાડો પેશાબ આજે પસાર કરેલો હતા. તેણીને ૧૬ વર્ષની ઉંમરે એટલે કે એક વર્ષ પહેલા સૌપ્રથમ માસીક શરૂ થયેલું. ...તેણીની સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ.પ્રેરક મોદી સાહેબે તપાસ કરેલી. તેણીના દ્વિતીય જાતીય અંગો સુવિકસીત હતા. તેણીના શરીર પર કે ગુપ્ત ભાગ પર કોઇ બાહ્ય ઈજાના નિશાન ન હતા. તેણીના શરીર પર કે ગુપ્ત ભાગ પર લોહી, લાળ કે વીર્યના ડાઘ ન હતા. ગુપ્ત ભાગના વાળ મેટેડ ન હતા. તેણીના ગુપ્ત ભાગની તપાસમાં ઘડીયાળના કાંટાની દિશામાં એક, ત્રણ અને નવ વાગ્યાની પોઝીશન ઉપર મલ્ટીપલ ઓલ્ડ હાઇમેન ટેર જણાતું હતું. ....તેણીના નમૂના જેવા કે લોહી, લાળ, ગુપ્ત ભાગના વાળ, યુરેથ્રલ સ્વોબ, યુરેથ્રલ સ્મીયર, બે વજાઇનલ સ્વોબ અને બે વજાઇનલ સ્મીયર મેં લીધેલા અને મારા સીલ વડે સીલ કરીને ડબલ્યુ.એ.એસ.આઇ. બક્કલ નં.૫૪૭૩ નરોડા પોલીસ સ્ટેશનને

સુપરત કરેલા..." આ શાહેદની જુબાનીની સરતપાસમાં ભોગ બનનારનું સારવાર સર્ટીફિકેટ આંક-૧૫ થી રજૂ થયેલ છે, જે આ શાહેદે તેણીના હસ્તાક્ષરમાં તૈયાર કરીને તેણીના હોદ્દાનું સીલ તથા સહી કરીને આપેલ તે જ હોવાનું જણાવી, તે ઓળખી બતાવેલ છે.

આ શાહેદે આરોપી તરફેની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, સામાન્ય રીતે મેડીકલ તપાસ માટે પોલીસ યાદી સાથે લાવવામાં આવતાં હોય છે જેમાં બનાવની ટુંકી વિગત લખેલી હોય છે." વધુમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, ભોગબનનારની શારિરીક તપાસ કરતાં તેના શરીર ઉપર કોઈ જોરઝુલમ કે બાહ્ય ઈજાના નિશાન જણાઈ આવેલા નહીં." વધુમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, હાઈમન તુટવાના ઘણા કારણો હોય શકે. એ વાત ખરી છે કે, હાઈમન કેટલા સમય પહેલા તુટેલું હશે તે હું કહી શકું નહીં."

આમ, આ ડૉકટર શાહેદની જુબાનીની હકીકતો લક્ષમાં લેતાં તેણીએ ભોગ બનનારની મેડિકલ તપાસણી કરેલી છે અને ભોગ બનનારનાં શરીર ઉપરથી નમૂનાઓ લઈ, તે નમૂનાઓ નરોડા પોલીસ સ્ટેશનને સુપ્રત કરેલા છે. તેમજ, આ શાહેદની સરતપાસની હકીકતો જોતાં, ભોગ બનનારનું હાઈમન જુનું તૂટેલું હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે સ્વીકારેલી હકીકતો લક્ષમાં લેતાં, હાઈમન તુટવાના ઘણા કારણો હોય શકે. હાઈમન કેટલા સમય પહેલા તુટેલું હશે તે આ શાહેદ કહી શકે નહીં. તે સંજોગોમાં આ શાહેદની જુબાની ઉપરથી એ સ્પષ્ટ થતું નથી કે ભોગ બનનારનું હાઈમન કેવીરીતે તૂટેલું. વધુમાં, આ શાહેદે આરોપી તરફેની ઊલટતપાસમાં સ્વીકાર્યા

મુજબ ભોગબનનારની શારિરીક તપાસ કરતાં તેના શરીર ઉપર કોઇ જોરઝુલમ કે બાહ્ય ઈજાના નિશાન જણાઈ આવેલા નહીં. તે સંજોગોમાં આ ડૉકટર શાહેદની સદર સ્વીકૃત હકીકત લક્ષમાં લેતાં, આ કામના ભોગ બનનાર સાથે બનાવ સમયે કોઈ જોરજુલમ થયેલ હોય તેવું જણાતું નથી અને ભોગ બનનારના શરીર ઉપર બાહ્ય ઈજાના કોઈ નિશાન પણ મળી આવેલા નથી. તે સંજોગોમાં આ ડૉકટર શાહેદની જુબાની ઉપરથી આ કામના ભોગ બનનાર સાથે કોઈએ બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર ફલિત થતું નથી.

(૧૭) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૬ થી શાહેદ નં.૨ તરીકે આરોપીની મેડિકલ તપાસણી કરનાર ડૉકટર – ડૉ. ભાર્ગવ બેચરભાઈ ઝવેરીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, " તા.૧૦/૦૭/૨૦૧૨ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ફરજ પર હતો ત્યારે રાત્રીના ૧૦:૪૫ વાગ્યે નરોડા પોલીસ સ્ટેશન પી.આઇ. ની યાદી સાથે સોમનાથ ઉર્ફે મેલુ ગોરખનાથ પાંડેને મેડીકલ તપાસ સારું હેડ કોન્સ્ટેબલ બક્કલ નં.૮૦૩૬ લાવેલા. તે **યાદી** આજરોજ હું મારી સાથે લાવેલ છું જે ના.કોર્ટ સમક્ષ રજુ કરું છું જેને રજુ દાખલ **આંક-૧૭** આપવામાં આવે છે. ...તે આરોપીને કેસ પેપરમાં તેની તપાસ માટેની સમંતિ મેળવી તથા અંગૂઠાનું નિશાન લઈ આગળની તપાસ કરેલી..." વધુમાં જણાવેલ છે કે,"...તપાસ દરમ્યાન તે સભાન અવસ્થામાં હતો. તેના બાહ્ય જાતિય અવયવો સુવિકસીત હતા. તેના શરીર પર કોઈ બાહ્ય ઈજાના નિશાન ન હતા. તેના શરીર કે કપડાં પર લોહી કે વીર્યના ડાઘ ન હતા. બાહ્ય જનનેન્દ્રીય

સુવિકસીત હતી અને તેની આગળની ચામડી પાછળની તરફ ખેંચી શકાતી હતી અને તેની નીચે સ્મેગ્માની હાજરી ન હતી. ગુપ્ત ભાગના વાળ સુવિકસીત હતા અને ચોંટીને ગુંથાયેલા ન હતા. ...તેના શરીર પર લોહી, લાળ ગુપ્ત ભાગના વાળ, વીર્ય તથા ગ્લાન્સ વોશના નમૂના મેળવી મારા અંગત સીલ વડે સીલ કરી હેડ કોન્સ્ટેબલ બક્કલ નં.૮૦૩૬ ને સુપ્રત કરેલ. ...મારા અભિપ્રાય મુજબ આરોપી શારિરીક સંભોગ કરવા માટે સક્ષમ હતા. ...હું આજરોજ મારી સાથે **મેડીકલ સર્ટીફિકેટની સ્થળપ્રત** લાવેલો છું જે મારા હસ્તાક્ષમાં છે જેમાં મારી સહી છે જેને રજુ કરું છું જે રજુ દાખલ **આંક–૧૭–એ** આપવામાં આવે છે."

આમ, આ શાહેદની સરતપાસની ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતાં, તેમણે આરોપીનાં મેડિકલ નમૂનાઓ મેળવી, હેડ કોન્સ્ટેબલ બક્કલ નં.૮૦૩૬ ને સુપ્રત કરેલ છે. જ્યારે આરોપી તરફેની **ઊલટતપાસ**માં આ શાહેદે એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આરોપીને પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા. એ વાત ખરી છે કે, પોલીસ યાદીમાં ગુનાની ટુંકી હકીકત લખવામાં આવતી હોય છે."

આમ, આ શાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં, તેઓએ માત્ર આરોપીની મેડિકલ તપાસણી કરી આરોપીના શરીરમાંથી નમૂનાઓ મેળવી પોલીસને સુપ્રત કરેલા છે. પરંતુ, આ શાહેદની સરતપાસની હકીકતો લક્ષમાં લેતાં, આરોપીનાં શરીર પર કોઈ બાહ્ય ઈજાના નિશાન ન હતા અને આરોપીનાં શરીર કે કપડાં પર લોહી કે વીર્યના ડાઘ ન હતા.

(૧૮) આ કામે આંક–૨૮ થી તપાસેલ શાહેદ નં.૬ અંબિકાબેન રામજીભાઈ વાઘેલાએ તેણીની સરતપાસમાં એવું જણાવેલ છે કે," હું સને–૨૦૧૨ની સાલમાં નરોડા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતી હતી. તા.૦૧/૦૭/૨૦૧૨ ના રોજ આ કામના ફરિયાદી વિનોદભાઇ લક્ષ્મણભાઈ સાધુ, રહે.સૈઝપુર બોઘાનાઓ મારી રૂબરૂ તેઓની દીકરી ભોગ બનનાર ઘરેથી જતી રહેલી અને પરત આવેલી નથી તે બાબતેની ફરિયાદ લખાવેલી. આ ફરિયાદ મે તેઓના લખાવ્યા મુજબની લખી લીધેલી અને તેને દાખલ કરવા માટે પી.એસ.ઓ. તરફ મોકલી આપેલી. જેઓએ ફરિયાદ નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૮૫/૨૦૧૨, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬,૩૭૬ મુજબ નોંધી લઇ સી.આર.પી.સી. કલમ–૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરેલો અને આ ફરિયાદ આગળની તપાસ માટે સેકન્ડ પોલીસ ઈન્સ્પેકટરશ્રી તરફ મોકલી આપેલી. ફરિયાદ લેતી વખતે ફરિયાદીએ આપેલ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર સામેલ રાખેલું. મને આ ફરિયાદ આંક–૧૯ તથા ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક–૨૦ વાળુ બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે આ તે જ છે. ...મને નિ.૧૦/૦૨ વાળો ચાર્જ અમલદારનો રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઇને કહું છું કે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ **આંકઃ–૨૯** આપવામાં આવે છે."

જયારે આરોપી તરફેની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે ફરિયાદી મારી પાસે ફરિયાદ આપવા માટે આવ્યા ત્યારે મે પી.આઇ.શ્રીનો સંપર્ક સાધી તેમને વિગતોથી માહિતગાર કરેલા. એ વાત ખરી છે કે પી.આઇ.શ્રીના કહેવાથી મે ફરિયાદીની ફરિયાદ નોંધી લીધેલી. એ વાત ખરી છે

કે ફરિયાદી પાસેથી વિગતો પુછી ફરિયાદ તૈયાર કરાવી તેમાં ફરિયાદીની સહી લીધેલી. એ વાત ખરી છે કે આંક-૧૯ની ફરિયાદમાં ભોગબનનારની જન્મ તારીખ લખાવેલી નથી. એ વાત ખરી છે કે ફરિયાદીએ તેમની ફરિયાદમાં ભોગ બનનાર ઘરેથી જતી રહેલી છે અને પરત આવેલી નથી તેવું જાહેર કરેલું...."

આમ, આ શાહેદની જુબાની લક્ષમાં લેતાં, તેઓએ ફરિયાદીની માત્ર ફરિયાદ નોંધેલ છે અને તે ફરિયાદ દાખલ કરવા માટે તેણીએ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ છે, તેટલો જ આ શાહેદનો રોલ છે. પરંતુ, આ શાહેદની જુબાની ઉપરથી આ શાહેદે આંક-૧૯ વાળી ફરિયાદ લેતી વખતે ફરિયાદીએ આપેલ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર સામેલ રાખેલાનું ફલિત થાય છે, જે ભોગ બનનારનાં જન્મના પ્રમાણપત્રની નકલ આ કામે આંક-૨૦ થી રજૂ થયેલ છે.

(૧૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૩૦ થી શાહેદ નં.૭ તરીકે તપાસ કરનાર અમલદાર સ્મિતેશ ઘનશ્યામભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસેલા છે. આ તપાસ કરનાર અમલદારે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, " ગઈ તા.૦૧/૦૭/૨૦૧૨ના રોજ અમો નરોડા પોલીસ સ્ટેશનમાં સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હાજર હતા ત્યારે નરોડા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. તરફથી નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૩૮૫/૨૦૧૨ના કામે ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬,૩૭૬ મુજબની ફરિયાદ નોંધી લઈ આગળની તપાસ માટે અમો તરફ મોકલી આપવામાં આવેલી. આ તપાસ અમોએ સંભાળી લીધેલી. ...ત્યારબાદ આ ગુનાના કામે લાગતા-વળગતા સાહેદોના નિવેદનો

તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા તેમજ તપાસ દરમ્યાન ભોગ બનનાર તથા આરોપી ઉત્તરપ્રદેશ પોલીસને મળી આવતા ભોગ બનનારને ઉત્તરપ્રદેશ મહિલા આશ્રમમાં મોકલી આપવામાં આવેલ તથા આરોપી ઉત્તરપ્રદેશના પોલીસ સ્ટેશનમાં હતા ત્યારે નરોડા પોલીસના માણસો દ્વારા નરોડા પોલીસ સ્ટેશન લાવવામાં આવેલાં. ત્યારબાદ ભોગ બનનાર તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાં પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલાં. ત્યારબાદ ભોગ બનનારનું તેમના લખાવ્યા મુજબનું નિવેદન નોંધી લેવામાં આવેલું. ત્યારબાદ ભોગ બનનારને તબીબી સારવાર માટે મોકલી આપવામાં આવેલાં અને મેડીકલ ઓફિસરશ્રીએ સારવાર દરમ્યાન લીધેલ નમૂનાઓ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલાં. ત્યારબાદ આરોપીનું નિવેદન નોંધવામાં આવેલું. ત્યારબાદ આરોપીને તબીબી સારવાર માટે મોકલી આપવામાં આવેલાં અને મેડીકલ ઓફિસરશ્રીએ સારવાર દરમ્યાન લીધેલ નમૂનાઓ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલાં. ત્યારબાદ કબજે કરવામાં આવેલ મુદ્દામાલને એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે જરૂરી યાદી તૈયાર કરી એફ.એસ.એલ.મા મોકલી આપેલ. મને એફ.એસ.એલ. તરફથી મુદ્દામાલ મળી આવ્યા બાબતેની પહોંચ મળતા તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ એફ.એસ.એલ. ઓફિસર તરફથી તેમના ફોરવર્ડીંગ લેટર સાથે પૃથકકરણ રીપોર્ટ તથા સીરોલોજીકલ વિભાગનો રીપોર્ટ આવતાં તપાસના કામે સામેલ રાખેલ. મને નિ.૧૦/૯ થી ૧૦/૧૨ વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, નમૂનાઓ એફ.એસ.એલ.ને મોકલી આપ્યાની યાદી તથા એફ.એસ.એલ. તરફથી મળેલી પહોંચ તથા પૃથકકરણના અહેવાલો છે જેને અનુક્રમે રજૂ દાખલ **આંકઃ-૩૧ થી ૩૪**

આપવામાં આવે છે...." વધુમાં આ તપાસ કરનાર અમલદારે તેમની સરતપાસમાં ભોગ બનનારનાં નિવેદનની હકીકતો રીફર કરેલ છે, તેમજ ફરિયાદીએ આપેલ ફરિયાદની હકીકત પણ રીફર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમણે આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા મળી આવતાં તેમણે હકૂમત ધરાવતી કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીને ઓળખી બતાવેલ છે.

જ્યારે આરોપી તરફેની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે ફરિયાદીએ તેમની ફરિયાદમાં ભોગ બનનારની જન્મ તારીખ લખાવેલી નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન ભોગ બનનાર ઉત્તરપ્રદેશમાં મહિલા આશ્રમમાંથી મળી આવેલાં. એ વાત ખરી છે કે ભોગ બનનાર મહિલા આશ્રમમાં કેવી રીતે ગયેલા તે સંબંધેનુ કોઇ નિવેદન મેળવી ચાર્જશીટના કાગળો સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે ભોગ બનનાર પબ્લિક ટ્રાન્સપોર્ટ મારફતે ગયેલાનું મારી તપાસમાં ખુલેલું. એ વાત ખરી છે કે ભોગ બનનાર પોતાની મરજીથી તેના ઘરેથી ગયેલાનું મારી તપાસમાં ખુલેલું. ...એ વાત ખરી છે કે ભોગ બનનારની જન્મ તારીખની ખરાઇ બાબતે કોઇના નિવેદન લઇ તપાસના કામમાં સામેલ રાખેલા નથી. એ વાત ખરી છે કે ભોગ બનનારની ઉંમર અંગે કોઇ મેડીકલ ટેસ્ટ કરાવેલ નથી..."

આમ, આ તપાસ કરનાર અમલદારની જુબાનીની ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતાં, તેઓએ આ ગુનાની તપાસ કરેલી છે અને તપાસના અંતે હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરેલું છે. પરંતુ, અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે આ કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ ફરિયાદી, ભોગ બનનાર તથા ભોગ બનનારનાં માતા ફરી ગયેલા શાહેદો તરીકે જાહેર કરવામાં

આવેલા છે; તે સંજોગોમાં જ્યારે ફરિયાદી તથા ભોગ બનનાર જ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય ત્યારે માત્ર આ તપાસ કરનાર અમલદારની જુબાની ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહીં.

(૨૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરેલા છે અને તેઓએ આંક–૧૯ વાળી ફરિયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી; તે સંજોગોમાં ફરિયાદ પક્ષ આંક –૧૯ વાળી ફરિયાદની હકીકતો નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલા છે. તે ઉપરાંત, ભોગ બનનારે પણ તેમની જુબાનીમાં ફરિયાદ પક્ષને મદદરૂપ કોઈ હકીકતો જણાવેલી નથી અને તેણીને પણ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા; તે સંજોગોમાં ભોગ બનનારની જુબાની પણ ફરિયાદ પક્ષને જરાપણ મદદરૂપ બનતી નથી. આ કામે આંક–૨૦ થી રજૂ થયેલ ભોગ બનનારનાં જન્મનાં પ્રમાણપત્રની નકલ વંચાણે લેતાં, ભોગ બનનારની જન્મ તારીખ ૧૭–૪–૧૯૯૫ દર્શાવેલી છે અને હાલનો બનાવ તા.૧–૭–૨૦૧૨ ના રોજ બનેલ છે; તે સંજોગોમાં બનાવ સમયેની ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ, ૨ માસ, ૧૫ દિવસ થાય છે. તેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી તે ફલિત થાય છે.આ કામે રજૂ થયેલ આંક–૩૩ વાળો મુદ્દામાલ પૃથક્કરણનો એસ.એસ.એલ.નો અહેવાલ વંચાણે લેતાં, ભોગ બનનારનાં શરીરમાંથી લીધેલા નમૂનાઓ; નમૂના–જે,૧ થી જે,૬ ઉપર રુધિર મિશ્રિત માનવ વિર્યની હાજરી મળી આવેલ છે. પરંતુ, અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે ફરિયાદીની જુબાની, તથા ભોગ બનનારની જુબાની, તથા ભોગ

બનનારનાં માતાની જુબાની વંચાણે લેતાં, આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે ભોગ બનનારને લલચાવી, ફોસલાવી ભોગ બનનારનું અહપરણ કરેલ હોય કે ભોગ બનનાર સાથે ભોગ બનનારની મરજી વિરૂદ્ધ બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર મળી આવતું નથી. ફરિયાદી, ભોગ બનનાર તથા ભોગ બનનારના માતાને ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા શાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ ઉપરોક્ત તમામની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ કોઈ ફળદાયક હકીકતો જણાવેલી નથી. તે સંજોગોમાં આંક–૩૩ વાળો પૃથક્કરણ અહેવાલ તે વૈજ્ઞાનિક પુરાવો હોઈ, સદર વૈજ્ઞાનિક પુરાવાને મૌખિક પુરાવાથી, એટલે કે, ભોગ બનનારની જુબાનીથી, ફરિયાદીની જુબાનીથી તથા ભોગ બનનારના માતાની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું ન હોય, માત્ર આવા વૈજ્ઞાનિક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને હાલના ગુનામાં દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે તપાસેલ શાહેદ નં.૧ ડૉ. પૂર્વી શીતલગીરી ગોસ્વામીની સરતપાસની હકીકતો લક્ષમાં લેતાં, ભોગ બનનારના શરીર પર કે ગુપ્ત ભાગ પર કોઈ બાહ્ય ઈજાના નિશાન ન હતાં અને ભોગ બનનારના શરીર પર કે ગુપ્ત ભાગ પર લોહી, લાળ કે વિર્યના ડાઘ ન હતાં. તેમજ, સદર શાહેદે આરોપી તરફેની ઊલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની શારીરિક તપાસ કરતા તેના શરીર ઉપર કોઈ જોરજુલમ કે બાહ્ય ઈજાના નિશાન જણાઈ આવેલા નહીં. આમ, સદર ડૉકટર શાહેદની જુબાનીની ઉપરોક્ત સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં, આ કામના ભોગ બનનાર સાથે કોઈ બળજબરી કે બળાત્કાર થયેલ હોય તેવું લેશમાત્ર મળી આવતું નથી. તે સંજોગોમાં આ કામના આરોપીએ આ કામનાં

ફરિયાદીની ભોગબનનાર દીકરીને તા.૧–૭–૨૦૧૨ નાં રોજ ફરિયાદીનાં રહેઠાણવાળા ઘરેથી લલચાવી, ફોસલાવી, ભોગબનનાર સાથે લગ્ન તથા જારકર્મ કરવાનાં ઈરાદે ભોગ બનનારનું ફરિયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરેલ હોય, કે આરોપીનાં મૂળ વતન ખાતે લઈ જઈ આરોપીએ ભોગ બનનારની સાથે ભોગ બનનારની મરજી વિરૂદ્ધ બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું ફરિયાદ પક્ષ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી સોમનાથ ઉર્ફે મેલુ ગોરખનાથ પાંડેને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ પાવતીઓમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ કિંમત વગરનો હોઈ, અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીનાં જામીનખત રદ્દ કરવામાં આવે છે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે જો અપીલ થાય તો આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સીક્યોર કરવા માટે આરોપીએ

રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નાં જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૫ મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૫/૯/૨૦૨૨

(**હરેશકુમાર હિંમતલાલ ઠક્કર**)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૫,
અમદાવાદ શહેર
(યુનિક કોડ નં. GJ00533)

એમ.ડી.ચાવડા